બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપન કોલેજોને આપવાની સહાયક ગ્રાન્ટના માળખામાં સુધારણા.
બિનશૈક્ષણિક કર્મચારીઓના મહેકમ બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૫૯૬/૧૯૪૯/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭-૬-૧૯૯૬.

<u>વંચાણે લીધા :-</u>

(૧) શિક્ષણ વિભાગના તા. ૧૫-૧૧-૮૯ નો ઠરાવ ક્ર.એનજીસી/૧૫૮૯/એમ/૧૦૨૬/ખ.
(૨) શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૨-૯૧ નો ઠરાવ ક્ર.એનજીસી/૧૫૮૯/૪૦૨૨/૫૯/૮૮/ખ.
(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૮-૭-૯૫ નો સમાનાંકી ઠરાવ.

<u>ઠરાવ</u>

શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૨-૯૧ ના ઠરાવ તથા રાજ્ય સરકારની કરકસરની નીતિને ધ્યાને લેતાં શિક્ષણ વિભાગે તા. ૨૮-૭-૯૫ નો ઠરાવ કરતાં બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપક કોલેજોનાં બિનશૈક્ષણિક કર્મચારી મહામંડળ તરફથી થયેલ રજુઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકારે આ પ્રશ્ને એક સબ કમિટિની રચના કરેલ હતી. જે સબ કમિટિએ કરેલ ભલામણો ઉપર પુખ્ત વિચારણાને અંતે બિનસરકારી કોલેજોનાં સહાયક ગ્રાન્ટના માળખામાં તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનાં મહેકમનાં માપદંડ અને આ સાથે પત્રક ''ક'' તથા ''ગ'' અનુસાર વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કર્મચારીઓનું મહેકમ તથા શરતો રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) તા. ૨૮-૭-૯૫નો ઠરાવ જેનો અમલ અગાઉ મોકૂફ રાખવામાં આવ્યો હતો તેને આથી રદ કરવામાં આવે છે.

(૨) તા. ૨૩-૧૨-૯૧ના ઠરાવથી નિયત કરાયેલ માપદંડમાં ૧૦ ટકાનો કાપ કરી તે મુજબ મળવાપાત્ર જગ્યાઓમાં ઘટાડો કરવાનો રહેશે અને આ કાપને લીધે જે જગ્યાઓ ઘટે તે જગ્યાઓ હવે પછી મળવાપાત્ર જગ્યાઓ સામે સરભર કરવાની રહેશે.

(૩) જે કોલેજોમાં ૨૦૦૦ (બે હજાર) કરતાં વધારે વિદ્યાર્થી સંખ્યા હોય ત્યાં વર્ગ-૩-નો વધારાનું મહેકમ મંજૂર કરવાને બદલે દર ૩૫૦ વિદ્યાર્થી દીઠ વહીવટી કામગીરી માટે પ્રતિવર્ષ રૂા. ૯૦૦૦/- (દસ માસના પ્રતિમાસ રૂા.૯૦૦/-લેખે) કલેરીકલ કામગીરી માટે સંસ્થાને ઉચ્ચક અનુદાન આપવાનું રહેશે. આ રકમમાંથી

--૨--

કોઈ કાયમી મહેકમ / નિમણૂંક કરી શકાશે નહિં.

(૪) જે કોલેજમાં ૨૦૦૦ કરતાં વધારે વિદ્યાર્થી સંખ્યા હોય ત્યાં દર ૩૫૦ વિદ્યાર્થીદીઠ વર્ગ-૪ની જગ્યા માટે પ્રતિવર્ષ રૂા. ૬૦૦૦/- (૧૦ માસના પ્રતિમાસ રૂા. ૬૦૦/- લેખે) નું ઉચ્ચક અનુદાન સંસ્થાને આપવાનું રહેશે. આ રકમમાંથી કોઈ કાયમી મહેકમ / નિમણૂંક કરી શકાશે નહીં.

૨/- આ ઠરાવ શિક્ષણ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૪-૬-૯૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(આઈ.એમ.કુરેશી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
નાયબશિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુ.રા. ગાંધીનગર,
નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
એ. જી. અમદાવાદ/ગાંધીનગર.
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, અમદાવાદ.
તપાસનિશ સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ.
કુલસચિવશ્રી, સર્વે યુનિવર્સિટીઓ.
નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ.
મદદનીશ સીલેકટ ફાઈલ.
સીલેકટ ફાઈલ.

-: પ_ત્ર_ક_:-_ક :-

બિન સરકારી આર્ટસ, કોમર્સ, અને સાયન્સ કોલેજોના કાર્યાલયમાં જરુરી કર્મચારીનું મહેકમ /(સેટઅપ)
કેટેગરી કલાર્કસ, લાયબ્રેરીઅન.

| વિદ્યાર્થી સંખ્યા | ઓફિસ | હેડકલાર્ક | હિસાબનીશ | સિનિ.કલાર્ક એકા.કલાર્ક સ્ટોરકીપર | જુની.કલાર્ક અગર જુની. કલાર્ક કમ ટાઈપીસ્ટ કશીયર લાયબ્રેરી કલાર્ક | લાયબ્રેરીયન | કોલમ નં.૧ થી ૭નો સરવાળો. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ થી ૨૫૦ | -- | -- | -- | ૧ | ૨ | ૧ | ૪ | -- |
| ૨૫૧ થી ૫૦૦ | -- | ૧ | -- | ૧ | ૨ | ૧ | ૫ | -- |
| ૫૦૧ થી ૭૦૦ | -- | ૧ | -- | ૨ | ૧ | ૧ | ૫ | -- |
| ૭૦૧ થી ૯૦૦ | -- | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૬ | -- |
| ૯૦૧ થી ૧૧૦૦ | [illegible] | ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૭ | -- |
| ૧૧૦૧ થી ૧૩૦૦ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૧ | ૯ | -- |

નોંધ:- વિદ્યાર્થી સંખ્યા ૧૩૦૧ કે તેથી ઉપર હોય તો વધારાના દર ૩૫૦ દીઠ ૧ જુની.કલાર્ક મળવાપાત્ર થશે.
૨:- વિદ્યાર્થી સંખ્યા ૨૦૦૦ કે તેથી ઉપર હોય તો દર ૩૫૦ વિદ્યાર્થી દીઠ વહીવટી કામગીરી માટે પ્રતિવર્ષે રૂા. ૯૦૦૦/-
કારકુનની કામગીરી માટે સંસ્થાને અનુદાન તરીકે આપવામાં આવે.
( દશ માસના પ્રતિમાસરૂા. ૯૦૦/- લેખે ) સંસ્થાએ આ રકમમાંથી વહિવટી કામગીરી સંભાળવાની વ્યવસ્થા કરવાની રહેશે. આ રકમમાંથી કોઈ કાયમી મહેકમ કે નિમણૂંક કરી શકાશે નહિં.

પત્રક - ગ

બિનસરકારી કોલેજોનાં ચોથા વર્ગનાં કર્મચારીઓનું મહેકમ -(સેટઅપ) દર્શાવતું પત્રક.

| વિદ્યાર્થી સંખ્યા | પ્રિન્સીપાલની કચેરી માટે | ઓફિસ માટે | લાયબ્રેરી માટે | પટાવાળા | સફાઈ કામદાર | ચોકીદાર | કુલ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ...થી ૧૦૦૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૭ | ૧. એક કરતાં વધારે મકાનમાં કોલેજ બેસતી હોય તો સફાઈ કામદાર તથા ચોકીદારની સંખ્યા મકાનની સંખ્યા જેટલી રાખવી. |
| ...૦૧ થી ૧૩૦૦ સંખ્યા. ...ય તો ઓફીસ લાયબ્રેરી ... પાણીવાળા માટે એક વધારાના પટાવાળાની ...ા મંજૂર રાખવી. ... ની સંખ્યા ... દર ... વિદ્યાર્થીએ એક) વધારા પટાવાળાની સંખ્યા મંજૂર ...ી. | – | ૧ | ૧ | ૧ | – | – | ૩ | ૨. બે ચોકીદારમાં એક દિવસ માટે અને એક રાત માટે રાખવો. |

નોંધ: ૨૦૦૦ કે તેથી ઉપર વિદ્યાર્થી સંખ્યા થાય તો દર ૩૫૦ વિદ્યાર્થી દીઠ વર્ગ-૪ ની કામગીરી માટે પ્રતિવર્ષ રૂા. ૯ હજાર (૧૦ માસના પ્રતિમાસ રૂા. ૬૦૦/- લેખે) વર્ગ-૪ ની કામગીરી માટે સંસ્થાને અનુદાન તરીકે આપવામાં આવે. સંસ્થાએ આ રકમમાંથી વર્ગ-૪ની કામગીરી વ્યવસ્થા કરવાની રહેશે. આ રકમમાંથી કોઈ કાયમી મહેકમ કે નિમણૂંક કરી શકશે નહિં.